# રજીસ્ટર્ડ થયેલી ખાનગી અનુદાનિત માધ્યમિક શાળાઓ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય પસંદગી અંગેની જાહેરાત-૨૦૧૭

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક:GH/SH/77/BMS/1115/1295/G, તા.૨૫/૭/૨૦૧૭ અન્વયે રજીસ્ટર્ડ થયેલી ખાનગી અનુદાનિત (Grant-in-aid) માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓમાં આચાર્યોની તા.૩૧/૧૦/૨૦૧૭ની સ્થિતિએ ખાલી હોય તેવી અંદાજીત ૨૩૨૯ જગ્યાઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ની જોગવાઇઓ, શિક્ષણ વિભાગના તા.૨૫/૭/૨૦૧૭ના જાહેરનામાની જોગવાઇઓ તેમજ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ, તા.૯/૮/૨૦૧૭ની જોગવાઇઓને ધ્યાને લઇ શૈક્ષણિક લાયકાત,વ્યવસાયિક લાયકાત તેમજ નિયત અનુભવ ધરાવતા ઉમેદવારો પાસે અરજીઓ ઓનલાઇન મંગાવવામાં આવે છે.

ઉકત શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત તેમજ નિયત અનુભવ ધરાવતા ઉમેદવારો આચાર્યની જગ્યા માટે તા.૧૦/૧૦/૨૦૧૭ને મંગળવારથી તા.૩૧/૧૦/૨૦૧૭ના રાત્રે ૧૧:૫૯ કલાક સુધી અરજી કરી શકશે. ઓનલાઇન અરજી Web site :www.gserb.org પરકરવાની રહેશે. ઉકત Web site પર તા.૨૫/૭/૨૦૧૭નું જાહેરનામું, તા.૯/૮/૨૦૧૭ના ઠરાવ તેમજ આચાર્ય ભરતી માટેની આનુષાંગિક વિગતો /સુચનાઓ મુકવામાં આવેલ છે. જે ધ્યાને લઇ અરજી કરવાની રહેશે.

સહી/-

(પી.એમ.જોષીયારા)
સભ્ય સચિવ
રજીસ્ટર્ડ ખાનગી અનુદાનિત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક આચાર્ય પસંદગી સમિતિ,
બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

તારીખ : ૦૭/૧૦/૨૦૧૭
સ્થળ :ગાંધીનગર

# રજીસ્ટર્ડ થયેલી ખાનગી અનુદાનિત માધ્યમિક શાળાઓ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય પસંદગી અંગેની જાહેરાત-૨૦૧૭ માટે ઉમેદવારોએ ધ્યાનમાં લેવાની અગત્યની બાબતો :

<u>સમગ્ર ભરતી પ્રક્રિયાના સંદર્ભે સુચનાઓ</u> :-

1. ઓનલાઇન અરજીપત્રકમાં માંગેલ તમામ વિગતો સાચી અને ઉમેદવારોએ જાતે ચકાસીને ભરવાની રહેશે.
2. ઓનલાઇન અરજીપત્રક ભરવા માટેની નિયત તારીખ પૂર્ણ થયા બાદ અરજીપત્રક માટે અત્રેની કચેરીમાં બિનજરૂરી પૂછપરછ કરવી નહિ. અરજીપત્રક ભરવા અંગેની સમયમર્યાદામાં કોઇ ફેરફાર હશે તો વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને જણાવવામાં આવશે, ઉપરાંત અમારી વેબસાઇટ ઉપર પણ જાણ થશે.
3. આચાર્ય ભરતીમાટે નીચેના જાહેરનામા, ઠરાવો અને અન્ય જોગવાઇઓને આધિન કાર્યવાહી થશે, જેથી ઉકત તમામ બાબતોનો અભ્યાસ કરી લેવો, જેથી બિનજરૂરી મૂઝવણ ઉભી ન થાય.
   - ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ધારો-૧૯૭૨ ની જોગવાઇઓ.
   - ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની જોગવાઇઓ.
   - શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/SH/77/BMS/1115/1295/G, તા.૨૫/૭/૨૦૧૭ની જોગવાઇઓ.
   - શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/ ૧૧૧૭/ ૨૪૨૫/ ગ, તા.૯/૮/૨૦૧૭.

4. ઓનલાઇન અરજી કરવા માટેની પ્રવિધિનો અભ્યાસ કરીને કાર્યવાહી કરવી.

step :1 www.gserb.orgવેબસાઇટ ઉપર onlineઅરજી કરવા માટે આચાર્ય માટેની લેવાયેલ કસોટી-૨૦૧૪માં ઉત્તીર્ણ ઉમેદવારો તેમજ ઓકટો.૨૦૧૭માં ઉત્તીર્ણ ઉમેદવારો આચાર્ય માટેની નિયત કરેલ કસોટીનો (TAT/HMAT) પરીક્ષાનો બેઠક નંબર અને જન્મ તારીખ ઓનલાઇન સબમીટ કરશે. એટલે ઉત્તીર્ણ ઉમેદવારની ઉકત કસોટીની વિગતો જોઈ શકાશે (ડીસપ્લે) થશે.

step : 2 ભરતી પસંદગી સમિતિએ નિયત કરેલી ફી ભરવા માટેનું ચલણ જનરેટ (ઉપલબ્ધ) થશે. જેની પ્રિન્ટ લઇને નિયત કરેલ SBIમાં ફી ભરવાની રહેશે. ફી ભરી લીધા ના ૪૮ કલાક બાદ જ અરજીપત્રક online થઇ શકશે અને વિગતો ભરીને તેની પ્રિન્ટ મેળવી શકાશે.

step : 3 ફી ભર્યા બાદ onlineઅરજીપત્રક Save કરીને “Submit” કરીને તેની પ્રિન્ટ લઇને નજીકના DEO કચેરીના નક્કી થયેલ સ્વીકાર કેન્દ્રમાં અરજીપત્રકમાં અરજદારે જણાવેલ લાયકાત, અનુભવ જેવા આધારોની સ્વપ્રમાણિત નકલ અરજીપત્રક સાથે જોડીને અસલ પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવવાની રહેશે.

(A) જો અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો, આધારો, લાયકાતના ગુણ વિગેરે અસલ ગુણપત્રક, પ્રમાણપત્રોની ચકાસણી કરતા યોગ્ય જણાશે તો સ્વીકાર કેન્દ્રના કર્મચારી અરજીપત્રક સ્વીકારશે.

(B) જો અરજદારના આધારો સાથે અરજીપત્રકની વિગતોમાં વિસંગતતા હશે તો સ્વીકાર કેન્દ્ર સુધારવા સુચવશે. અરજદાર સુધારા માટે ફરી ઓનલાઇન

અરજીપત્રકમાં જરૂરી સુચવેલ સુધારો કરીને પુન:સ્વીકાર કેન્દ્ર ઉપર અરજીપત્રક ચકાસણી કરીને સોંપવાનું રહેશે.

ઉપરોક્ત (A) અને (B) ના કિસ્સામાં યોગ્ય હશે તો જ સ્વીકાર કેન્દ્ર ખાતે અરજીપત્રક સ્વીકારીને અરજદારને સ્વીકાર કેન્દ્રના કર્મચારી સ્વીકાર કેન્દ્રનો સિક્કો અને સહિ કરી આપશે.

5. ઓનલાઇન અરજીપત્રક ભરવાની અને સ્વીકાર કેન્દ્ર ખાતેથી સ્વીકારીને "Submit" કરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જાહેરનામાની જોગવાઇઓ નિયમ:૫(૩), ૯, ૧૦(૨), ૧૦(૩) અને ૧૦(૪) ધ્યાને લઇને "પસંદગી સમિતિ" કામચલાઉ મેરીટ list જાહેર કરશે અને તેના આધારે અરજદારો ચકાસણી કરીને જો કોઇ ક્ષતિ હોય તો, જે સ્વીકાર કેન્દ્ર પર અરજીપત્રક રજુ કરેલ હોય તે જ સ્વીકાર કેન્દ્ર ખાતે "પસંદગી સમિતિ"એ નિયત કરેલ સમયમર્યાદામા જરૂરી વાંધો-આધારો સાથે રજુ કરવાના રહેશે
6. ઉપરોક્ત પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ફાઇનલ મેરીટ યાદી જાહેર કરવામાં આવશે જેની જાણ વર્તમાનપત્રો અને મોબાઇલમાં "Message" થી કરવામાં આવશે. તેમજ Website પર મુકવામાં આવશે.
7. રાજયમાં ખાલી પડેલ અનુદાનિત ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સરનામા સાથેની યાદી મૂકીને ઉમેદવારો પાસે શાળા પસંદગી માટેની Online પ્રક્રિયા હાથ ધરાશે. જેમાં શાળાનું નામ, સરનામું તેમજ શાળામાં ભણાવાતું માધ્યમ અને શાળાનો પ્રકાર જેમકે મિશ્ર શાળા, કુમાર શાળા અને કન્યા શાળા દર્શાવેલ હશે.
8. અરજદારો મેરીટના આધારે શાળા પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દરેક શાળાવાઇઝ પસંદ કરેલ ઉમેદવારોના મેરીટના આધારે શાળાવાર પ્રથમ ૧૫ ઉમેદવારોની યાદી તૈયાર કરીને જિલ્લા કક્ષાની "School Selection Committee" ને મોકલવામાં આવશે.
9. "School Selection Committee" જિલ્લા કક્ષાએ શાળાવાર ઉમેદવારોને રૂબરૂ મુલાકાત (Personal Interview) માટેની જાણ કરશે. આ અંગે જરૂરી પ્રક્રિયાની અલાયદી સૂચનાઓ "School Selection Committee" દ્વારા ઉમેદવારોને તા.૨૫/૭/૨૦૧૭ની જાહેરનામાની જોગવાઇ નંબર : ૫(૩) અને ૧૦(૪) મુજબ આપશે.

10. <u>ઓનલાઇન અરજીપત્રક ભરવા માટેની અરજદારોની લાયકાત, અનુભવ અને અન્ય બાબતો અંગે સુચનો :</u>

1. અરજદારે આચાર્ય માટેની અભિરૂચિ કસોટી વર્ષ ૨૦૧૪ અને ઓકટો.૨૦૧૭માં ઉત્તિર્ણ હોવા જોઇએ. એટલે કે અરજદારે ઉક્ત પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% ગુણ મેળવેલા હોવા જોઇએ.
2. આચાર્યની જગા માટે લાયકાત, અનુભવ અંગેની જોગવાઇઓ શિક્ષણ વિભાગના જાહેરનામા તા.૨૫/૭/૨૦૧૭ની જોગવાઇ નંબર-૬(૧) મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ: ૨૦(૧) મુજબ છેલ્લા સુધારાઓ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૧૫/છ, તા.૧૬/૩/૨૦૧૧ અને તા.૩૧/૧૨/૨૦૧૧ ના સુધારા ધ્યાને લેતો નીચે મુજબ રહેશે.

   રજીસ્ટર્ડથયેલી શાળામાં સ્ટાફની નિમણુંક માટેની ન્યુનતમ લાયકાત :

   a) રજીસ્ટર્ડ થયેલી શાળામાં આચાર્યની લાયકાત :

કોઇ વ્યકિત નોંધાયેલી માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા, વિષયો પૈકી કોઇ વિષયમાં અનુસ્નાતક સાથે બી.એડ. અથવા માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમા સ્નાતક સાથે એમ.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજીસ્ટર્ડ ગ્રાન્ટ-ઇન-એઇડ/ સરકારી માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શિખવવાનો /નિરિક્ષણનો ઓછામા ઓછો કુલ ૭ (સાત) વર્ષનો અનુભવ હોય...

અથવા

કોઇ વ્યકિત નોંધાયેલી માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા, વિષયો પૈકી કોઇ વિષયમાં સ્નાતક સાથે બી.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજીસ્ટર્ડ ગ્રાન્ટ-ઇન-એઇડ/ સરકારી માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શિખવવાનો /નિરિક્ષણનો ઓછામા ઓછો કુલ ૧૫ (પંદર) વર્ષનો અનુભવ ધરાવતો હોય...

...તે સિવાય તેને હેડમાસ્તર તરીકે નીમી શકાશે નહિ માત્ર છોકરીઓ માટેની શાળામાં (કન્યા શાળા) ઉપરોકત લાયકાતો ધરાવતી સ્ત્રી સિવાય બીજી કોઇ વ્યકિતની હેડમાસ્તર તરીકે નિમણૂંક કરી શકાશે નહિ.

(b) જોગવાઇ નંબર : ૬(૨) મુજબ “ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે કમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ.

(c) <u>આચાર્યની જગ્યા માટે અનુભવ અંગે :</u>

1. ગુજરાત માધ્યમિકઅને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ૨૦(૧) માં છેલ્લામાં છેલ્લા સુધારા મુજબ રજીસ્ટર ગ્રાન્ટ-ઇન-એઇડ / સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિયમોનુસાર નિમણુંક મેળવ્યા બાદનો શિખવવાનો /નિરીક્ષણનો અનુભવ જરૂરી રહેશે.
2. અનુભવનું ગુણાંકન શિક્ષણ વિભાગના તા.૨૫/૭/૨૦૧૭ના Appendix-I ના ક્રમ:5 મુજબ ૧૦ વર્ષનો અનુભવના ગુણ “૦૦” રહેશે. પરંતુ ૧૦ વર્ષ ઉપરાંતના પ્રત્યેક વર્ષદીઠ ૦.૭ ગુણ મુજબ વધુમા વધુ ૦૭(seven) ગુણ મળવાપાત્ર થશે.
   મેરીટ માટે અનુભવની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે.

11. Merit list કેવી રીતે બનશે ?
    શિક્ષણ વિભાગના તા.૨૫/૭/૨૦૧૭ ના જાહેરનામાની જોગવાઇ નંબર:૫(૩) તેમજ ૧૦(૧) થી ૧૦(૪) ના આધારે પસંદગી યાદી (Merit list) બનાવવામાં આવશે.
12. શિક્ષણ વિભાગના તા.૨૫/૭/૨૦૧૭ની જોગવાઇ નંબર-૧૨ મુજબ મેરીટ યાદી (પસંદગી /યોગ્યતા યાદી)માં સમાવેશ થવા માત્રથી ઉમેદવારને નિમણુંકનો કોઇ હક્ક મળશે નહિ.
13. શિક્ષણ વિભાગના તા.૨૫/૭/૨૦૧૭ની જોગવાઇ નંબર-૧૪ મુજબ એકાધિક લગ્નના કારણે નિમણૂંક માટે ગેરલાયક ઠરશે.

14. શિક્ષણ વિભાગના તા.૨૫/૭/૨૦૧૭ની જોગવાઇ નંબર-૧૫ માં દર્શાવેલ વિગતોએ અને અન્ય બાબતો ("Selection Committee") પસંદગી સમિતને શિસ્ત વિષયક ઉલંઘન જણાશે તો પગલાં લઇ શકશે.
15. શિક્ષણ વિભાગના તા.૨૫/૭/૨૦૧૭ની જોગવાઇ નંબર-૧૬ માં જણાવ્યાનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૨૨ મુજબ પસંદ થયેલા ઉમેદવારની અજમાયશી મુદત રહેશે.
16. શિક્ષણ વિભાગના તા.૨૫/૭/૨૦૧૭ની જોગવાઇ નંબર-૧૭ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૨૧ ની જોગવાઇ મુજબ તબીબી પરીક્ષણ નિમણૂંક માટે પસંદ થયે કરાવવાનું રહેશે.
17. <u>અન્ય સુચનાઓ:</u>
    1. ઓનલાઇન અરજીપત્રક વેરીફીકેશન કર્યા બાદ Submit થયા બાદ સુધારાને અવકાશ રહેશે નહિ.
    2. અરજદારે સાચો મોબાઇલ નંબરે અને E-mail ID દર્શાવવું જેથી માહિતીના આદાન-પ્રદાન માટે ઉપયોગી થશે.
    3. અરજદારોની અરજી ફી બિન અનામત માટે રૂ.૧૦૦/- અને અનામત માટે રૂ.૫૦/- રહેશે.
    4. અરજદારની અરજી સાથેની ફી નિયત કરેલ બેંક માં જ ભરવાની રહેશે.
    5. અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં પાછળથી કોઇપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહી કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહી.
    6. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહી. જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.
    7. આ અંગેનું ઓનલાઇન અરજીપત્રક વેબસાઇટ www.gserb.org ઉપર ઓનલાઇન ભરવાનું રહેશે.
    8. ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવાર પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહી જેથી સંપર્ણ કાળજીપૂર્વક ઓનલાઇન અરજી કરનારની રહેશે.
    9. બિન અનામત ઉમેદવાર માટે અરજી ફી રૂા.૧૦૦.૦૦ (અંકે રૂપિયા સો પુરા) અને અનામત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂા.૫૦.૦૦ (અંકે રૂપિયા પચાસ પુરા) ઉમેદવારે ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહી. ફોર્મ ભરનાર ઉમેદવારે ભરવાપાત્ર નિયત અરજી ફી સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાની કોઇપણ શાખામાં ભરવાની રહેશે.
    10. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ આ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. અને સાચવણી કરી, જરૂર પડેથી રજુ કરવાની રહેશે.
    11. ઓનલાઇન અરજી પત્રક તા.૧૦/૧૦/૨૦૧૭ ને મંગળવારથી તા.૩૧/૧૦/૨૦૧૭ ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી ભરી શકાશે.
    12. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી અને રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.
    13. બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક/ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યની ભરતી સંબંધે તમામ સુચનાઓ/ વિગતો વખતો વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે.
    14. આ અંગે કોઇપણ મુંઝવણ હોય તો નજીકની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરી શકશો.

15. ઉમેદવારે જન્મ તારીખ માટેના આધાર, શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત તેમજ અનુભવ અંગે ઓનલાઈન અરજી પત્રક વખતે દર્શાવેલ તમામ પ્રમાણપત્રો તેમજ આધારો સ્વીકાર કેન્દ્ર પર ચકાસણી સમયે અસલમાં અવશ્ય રજુ કરવાના રહેશે.
16. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ ભરતી પસંદગી સમિતિ/ખાતા/સંબંધિત શાળા દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
17. કોઇ ઉમેદવારે બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડા કરેલ માલુમ પડશે તો તેમની સામે નિયમાનુસાર શિસ્તવિષયક કાર્યવાહી કરવામાં આવશે.
18. જે ઉમેદવાર રાજય બહારની યુનિર્વસીટીના લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને નિમણુંક આપતા પહેલા અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ નિમણુંક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.
19. જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠેરવવામાં આવશે. બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક અનુભવ અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇ ના કોઇ પણ તબકકે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની અરજી/રજુઆત સ્વીકારવામાં આવશે નહી.
20. સાચી માહિતી આપવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. અને કોઇપણ સંજોગોના કારણે કોઇપણ સંજોગોમાં ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી કે ભુલભરેલી હશે તેના કારણે ઉમેદવારની પસંદગી ન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. જો માહિતી ખોટી, અધુરી, ભુલભરેલી હશે તો અરજી રદ થયેલ ગણાશે.
21. અરજદારે પોતાનું ઇ-મેઇલ આઇ.ડી. અને મોબાઇલ નંબર ફરજીયાત આપવાના રહેશે. અને ભરતી અંગેની પ્રક્રિયાની વખતો-વખતની જાણ અરજદારને ઇ-મેઇલ / એસ.એમ.એસ.થી કરવામાં આવશે. અને આ બાબતે અરજદારે જાતે ઇ-મેઇલ / એસ.એમ.એસ.ની ચકાસણી કરવાની રહેશે વધુમાં અત્રેની કચેરીની વેબ સાઇડ ઉપર અગત્યની સુચાનાવો મુકવામાં આવશે તે ખાસા ધ્યાને લેવાની રહેશે.
22. અરજીપત્ર ભરવા અંગેની ખોટી, અધુરી કે ભુલભરેલી માહિતી બાબતે સુચનાઓ ઉમેદવારોએ વાંચેલ છે. સુચનાઓ ઉમેદવાર સમજે છે. અને ઉમેદવારને બંધનકર્તા છે.
23. અરજદારોએ ભરેલ ફોર્મની પ્રિન્ટેડ નકલ મેળવી લઇ સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જ અરજી ફોર્મ સબમીટ કરવાનું રહેશે.
24. અરજદારે જે ફોર્મ ભરેલ છે તેના દરેક પાના ઉપર સહી કરવાની રહેશે. અને જયારે જરૂર પડે ત્યારે રજુ કરવાની રહેશે.
25. આ સમગ્ર ભરતી પ્રક્રિયા ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૭/૧૭ના જાહેરનામા તથા શિક્ષણ વિભાગના તા. ૯/૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/ ૨૪૨૫/ ગ તથા ગુજરાત માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૨૦(૧)ની સુધારેલ જોગવાઇઓ તથા સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઇઓને આધીન રહેશે.
26. આચાર્યની ભરતી પ્રક્રિયા બાબતે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

27. અરજદારે નીચેના આધારોની સ્વયં પ્રમાણિત્ર નકલો સ્વીકાર કેન્દ્ર પર અવશ્ય રજૂ કરવાની રહેશે.

૧) જન્મ તારીખના પુરાવા તરીકે લીવીંગ સર્ટીફીકેટ અને ધોરણ-૧૦ પાસ કર્યાનું પ્રમાણપત્ર

૨) આચાર્ય માટેની કસોટીની ગુણપ્રત્રક (TAT/HMAT)

3) અરજી પત્રકમાં દર્શાવેલ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક સ્નાતક પદવીના ગુણપત્રક/પ્રમાણપત્ર

4) અરજી પત્રકમાં દર્શાવેલ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક અનુ-સ્નાતક પદવીના ગુણપત્રક/પ્રમાણપત્ર

5) અરજી પત્રકમાં દર્શાવેલ અનુભવ અંગેનું જે તે શાળાના આચાર્યશ્રી દ્વારા આપેલ પ્રમાણપત્ર

(પી.એમ.જોષીયારા)
સભ્ય સચિવ
રજીસ્ટર્ડ ખાનગી અનુદાનિત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક આચાર્ય પસંદગી સમિતિ,
બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

તારીખ : ૦૭/૧૦/૨૦૧૭
સ્થળ : ગાંધીનગર